ક્રમાંક:આઈ.ટી.સેલ/યુ-ડાયસ+/૨૦૨૧/612-46

કમિશનર શાળાઓની કચેરી.

બ્લોક ન.૯, પહેલો માળ,

ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર

તારીખ: 5/07/૨૦૨૧

Urgent

પ્રતિ.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ.

વિષય:- UDISE+ ૨૦૨૧-૨૨ ની કામગીરી કરવા બાબત

સંદર્ભ :-સર્વ શિક્ષા અભિયાન (એસએસએ) નો તા.૩૧/૦૫/૨૦૨૧ નો પત્રાંક: એસએસએ /MIS /૨૦૨૧ /૧૭૦૬૮-૧૭૧૪૨નો પત્ર

શ્રીમાન,

ઉક્ત સંદર્ભ દર્શિત પત્રમાં જણાવ્યા અનુસાર સમગ્ર શિક્ષા અંતર્ગત રાજ્યની ધોરણ ૧ થી ૧૨ ધરાવતી તમામ શાળાઓની UDISE ફોર્મમાં માહિતી મેળવી એકત્રીકરણની કામગીરી કરવામાં આવે છે. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય ધ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ થી UDISE ને વિસ્તૃત કરી ONLINE UDISE+ (Extended UDISE) કરવામાં આવેલ છે. શિક્ષણ મંત્રાલયની સુચના અન્વયે ચાલુ વર્ષે ૨૦૨૦-૨૧ માં UDISE+ અંતર્ગત માહિતી મેળવવાની થાય છે.

ચાલુ વર્ષે ૨૦૨૦-૨૧નું જીલ્લા શૈક્ષણિક માહિતી પત્રક (UDISE+ Data Capture Format) ની તમામ કક્ષાની કામગીરી UDISE+ ઓનલાઈન એપ્લીકેશન (http://udiseplus.gov.in) મારફતે કરવાની થાય છે. સદર કામગીરી અંગે ચાલુ વર્ષે ૨૦૨૦-૨૧માં તમામ જીલ્લાની ધોરણ ૧ થી ૧૨ પૈકીની ધોરણ ધરાવતી તમામ શાળાઓ જેમકે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માહિતી UDISE+ અંતર્ગત મેળવવા તેમજ આ શાળાઓ કોઇપણ સંચાલન જેમકે સરકારી, આશ્રમ શાળા, ખાનગી ગ્રાન્ટેડ, ખાનગી નોન ગ્રાન્ટેડ, કેન્દ્ર સરકાર, મોડલ સ્કુલ, જવાહર નવોદય ધ્વારા સંચાલિત કે અન્ય કોઈ સંચાલન ધ્વારા સંચાલિત હોય તેવી તમામ શાળાઓના UDISE ફોર્મમાં ફરજીયાત માહિતી મેળવવા સર્વ શિક્ષા અભિયાન(એસએસએ) ધ્વારા ઉક્ત સંદર્ભ દર્શિત પત્રથી આપને જાણ કરેલ છે.

UDISE+ અંતર્ગત માહિતી ભરવાની અંતિમ તારીખ 30-06-૨૦૨૧ હતી પરંતુ અમુક શાળા ધ્વારા હજી માહિતી ભરવાની કામગીરી બાકી રહેલ છે જે બાબતે શાળાઓને તાકીદ કરી UDISE+ ની માહિતી ઝડપથી ભરી દેવા જણાવવું.

વધુમાં, વર્ષ ૨૦૨૦-૨૧માં તમામ શાળા UDISE+ ની માહિતી આપે તે રીતે કામગીરી ઝડપથી અને સમય મર્યાદામાં પૂર્ણ કરવા આપની કક્ષાએથી જરૂરી આયોજન કરવા કરવા તેમજ શાળા કક્ષાએ જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક(SEMIS/MIS)
સ્ટેટ નોડલ અધિકારી
કમિશનર શાળાઓની કચેરી,
ગાંધીનગર

બીડાણ: સંદર્ભદર્શિત પત્ર

**પી. ભારતી** આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સર્વ શિક્ષા અભિયાન અને
પ્રાથમિક શિક્ષણ

**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સર્વ શિક્ષા અભિયાન (એસએસએ)
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૮૨૦૧૦, ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૩૨ ૪૩૧૩૩ ફેક્સ : ૨૩૨ ૩૮૪૦૪
E-mail spdssa@gmail.com
Toll Free No 1800-233-7965

**ક્રમાંક: એસએસએ/MIS/2021/** ૧૭૦૫૮-૧૭૧૫૨ **તારીખ: 31/05/2021**

પ્રતિ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા: તમામ

(૨) જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રોજેક્ટ કચેરી, એસ.એસ.એ.,
જિલ્લા: તમામ

(૩) શાસનાધિકારીશ્રી, નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ: અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત.

**વિષય: UDISE+ 2020-21ની કામગીરી કરવા બાબત.**

**સંદર્ભ:-** માન. એસ.પી.ડી.શ્રી ની તા.૨૮/૦૫/૨૦૨૧ ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે.

શ્રીમાન,

આપ સુવિદિત છો કે, સમગ્ર શિક્ષા અંતર્ગત દર વર્ષે ૩૦મી સપ્ટેમ્બરની સ્થિતિએ રાજ્યની ધોરણ ૧ થી ૧૨ ધરાવતી તમામ શાળાઓની UDISE ફોર્મમાં માહિતી મેળવી એકત્રીકરણની કામગીરી કરવામાં આવે છે.

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯થી UDISE ને વિસ્તૃત કરી ઓનલાઈન UDISE+ (Extended UDISE) કરવામાં આવેલ છે. શિક્ષણ મંત્રાલયની સુચના અન્વયે ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧માં UDISE+ અંતર્ગત માહિતી મેળવવાની થાય છે.

ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧નું જિલ્લા શૈક્ષણિક માહિતી પત્રક (UDISE+ Data Capture Format) ની તમામ કક્ષાની કામગીરી UDISE+ ઓનલાઈન એપ્લીકેશન **(http://udiseplus.gov.in)** મારફતે કરવાની રહેશે.

સદર અંગે આપશ્રીને જણાવવાનું કે ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧માં આપના જિલ્લાની ધોરણ-૧ થી ૧૨ પૈકીના ધોરણ ધરાવતી તમામ શાળાઓ જેમકે પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માહિતી UDISE+ અંતર્ગત મેળવવા જણાવવામાં આવે છે. આ શાળાઓ કોઈપણ સંચાલન જેમકે સરકારી, આશ્રમ શાળા, ખાનગી ગ્રાન્ટેડ, ખાનગી નોન ગ્રાન્ટેડ, કેન્દ્ર સરકાર, મોડલ સ્કૂલ, જવાહર નવોદય દ્વારા સંચાલિત કે અન્ય કોઈપણ સંચાલન દ્વારા સંચાલિત હોય તેવી તમામ શાળાઓના UDISE ફોર્મમાં ફરજીયાત માહિતી મેળવવા આથી સૂચના આપવામાં આવે છે.

સમગ્ર શિક્ષા યોજના અન્વયે જિલ્લા કક્ષા તેમજ રાજ્ય કક્ષાએ પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના શૈક્ષણિક આયોજન માટે તૈયાર કરવામાં આવતા વાર્ષિક અંદાજપત્રમાં તથા શૈક્ષણિક નીતિ આયોજન તેમજ શિક્ષણને લગતા નીતિ આયોજન તેમજ શિક્ષણને લગતા નીતી વિષયક નિર્ણયો લેવામાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ U-DISEની માહિતીને આધારભૂત ગણી તેનો ઉપયોગ કરવામાં આવે છે.

આ ઉપરાંત RTE અધિનિયમ ૨૦૦૯ ની કલમ-૧૨.૧ (સી) હેઠળ નબળા અને વંચિત જૂથનાં બાળકોને બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં વિનામુલ્યે પ્રવેશ આપવાની પ્રક્રિયામાં, NMMS- National Means Cum Merit Scholarship Scheme Exam અન્વયે શાળા કક્ષાએ ઓનલાઈન ભરતા વિદ્યાર્થીઓના ફોર્મમાં શાળાનો U-DISE કોડ ફરજીયાત છે તેમજ શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં શિક્ષકોના અનુભવનો આધાર તરીકે માત્ર UDISEના વર્ષવાર શિક્ષક રેકર્ડને જ આધારભૂત ગણવામાં આવે છે.

વધુમાં, આપના જિલ્લાનો નામાંકન દર, ડ્રોપઆઉટનો દર, શાળાઓની માહિતી, નામાંકન અને શિક્ષકોની માહિતી UDISE માંથી સરળતાથી મેળવી શકો છો. ઉપરાંત **Performance Grading Index (PGI) Ranking** UDISEની માહિતી પરથી કરવામાં આવે છે જેના પરથી સમગ્ર ભારતમાં શિક્ષણ ક્ષેત્રે રાજ્ય/જિલ્લાનો ક્રમ નકકી થાય છે. આમ UDISE DATA ની અગત્યતાથી આપ વાકેફ છો.

**શિક્ષણનો અધિકાર (RTE) અધિનિયમ ૨૦૦૯ ની કલમ-૧૨(૩) તથા ગુજરાત રાઈટ ટુ એજ્યુકેશનલ રૂલ્સ ૨૦૧૨ માં નિયમ-૧૩(૧)(જ)(ઝ) અને તે સાથેના પરિશિષ્ટ-૨ ના નમુના-૨ની શરતોની શરત-૧૦ અને ૧૭ અનુસાર દરેક શાળાએ આ માહિતી આપવી ફરજીયાત છે. આ અંગે ઉપરોક્ત તમામ શાળાઓની નોંધણી UDISE+ અંતર્ગત થવી જરૂરી છે.**

વર્ષ ૨૦૨૦-૨૧માં તમામ શાળા UDISEની માહિતી આપે તે રીતનું આયોજન કરવા જણાવવામાં આવે છે. જો કોઈ શાળા આ માહિતી આપવાની ના પાડે તો જે તે વિસ્તારના બી.આર.સી. કો.ઓ. અને સી.આર.સી. કો.ઓ. ને રૂબરૂ મોકલી UDISE ફોર્મની અગત્યતા અને RTE અધિનિયમની સમજ અપાવવી, શાળા પાસેથી UDISEની માહિતી મેળવવાની પ્રાથમિક જવાબદારી સી.આર.સી. કો.ઓ. અને બી.આર.સી. કો.ઓ.ની છે. તેમ છતાં પણ જે શાળા માહિતી ન આપે તો માન્યતા આપેલ અધિકારીશ્રીએ આવી શાળાની માન્યતા તાત્કાલીક રદ કરવા સુધીના શિક્ષાત્મક પગલા લેવા જણાવવામાં આવે છે. જેમકે પ્રાથમિક/ઉચ્ચતર પ્રાથમિક શાળા માટે જિલ્લાના પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને શાસનાધિકારીશ્રીને તેમજ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા માટે જિલ્લાના શિક્ષણાધિકારીશ્રી ને આવી શાળાની માન્યતા તાત્કાલીક રદ કરવા સુધીના શિક્ષાત્મક પગલા લેવા જણાવવામાં આવે છે.

**જિલ્લાકક્ષાએ UDISE+ ની કામગીરી અંગે નીચેની બાબતો ધ્યાનમાં રાખી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.**

(૧). જિલ્લા એમ.આઈ.એસ. કો.ઓર્ડિનેટરએ UDISE+ ઓનલાઈન એપ્લીકેશનમાં જિલ્લાના Username અને Password થી Login થઈ પોતાની બ્લોક વાર શાળાઓની વિગત ચકાસી લેવાની રહેશે.

(૨). જિલ્લા એમ.આઈ.એસ. કો.ઓ.એ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં કાર્યરત શાળાઓની યાદી બનાવી UDISE+ ઓનલાઈન એપ્લીકેશનમાં યાદી મુજબ શાળાઓની વિગત જેવી કે, શાળાનું સંચાલન, શાળાની કેટેગરી તેમજ શાળાની સ્થિતિ (Operational, Close, Merge and Sanctioned but Not Operational) વગેરેની ખરાઈ કરી સુનિશ્ચિત કરવાનું રહેશે ત્યારબાદ જ UDISE+ DCFની પ્રિન્ટ કાઢવાની રહેશે તેમજ ભરાયેલ DCF ફોર્મની એન્ટ્રી કરવાની રહેશે.

(૩). **જિલ્લા કક્ષાએથી જિલ્લાની શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ મુજબની તમામ સરકારી, આશ્રમ શાળા, મોડલ સ્કૂલ, મોડલ ડે સ્કૂલ, RMSA શાળા અને ગ્રાન્ટેડ (અનુદાનિત) શાળાઓની Pre-Filled UDISE+ DCFની ઓનલાઈન એપ્લીકેશનમાંથી પ્રિન્ટ આઉટ કાઢી તાલુકા કક્ષાએ પહોંચાડવાની રહેશે. જયારે ખાનગી શાળા (બિન અનુદાનિત), કેન્દ્રીય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય, રેલ્વે શાળા, સૈનિક શાળા તેમજ અન્ય કેન્દ્ર સરકાર સંચાલિત શાળાઓની શાળા કક્ષાએથી UDISE+ ઓનલાઈન એપ્લીકેશનમાં એન્ટ્રી કરાવવાની રહેશે.**

(૪). **બ્લોક એમ.આઈ.એસ. કો.ઓ.એ UDISE+ School Management Module માં પોતાના બ્લોકના Username અને Password થી Login થઈ User Management માં જઈ પોતાના બ્લોકની ખાનગી શાળા (બિન અનુદાનિત), કેન્દ્રીય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય, રેલ્વે શાળા, સૈનિક શાળા તેમજ અન્ય કેન્દ્ર સરકાર સંચાલિત શાળાઓના LOGIN ID Create કરવાના રહેશે.**

(૫). **સી.આર.સી. કો.ઓર્ડિનેટરએ પોતાના તાબા હેઠળની તમામ સરકારી, આશ્રમ શાળા, મોડલ સ્કૂલ, મોડલ ડે સ્કૂલ, RMSA શાળા અને ગ્રાન્ટેડ (અનુદાનિત) શાળાઓમાં UDISE+ DCF Form મોકલી આપવાનું રહેશે તેમજ ભરેલ UDISE+ DCF Form શાળા કક્ષાએથી અચૂક મેળવી બી.આર.સી. પર મોકલી આપવાના રહેશે.**

(૬). **સી.આર.સી. કો. ઓર્ડિનેટરએ પોતાના તાબા હેઠળની ખાનગી શાળા (બિન અનુદાનિત), કેન્દ્રીય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય, રેલ્વે શાળા, સૈનિક શાળા તેમજ અન્ય કેન્દ્ર સરકાર સંચાલિત શાળાઓમાં જઈ શાળાએ ઓનલાઈન એપ્લીકેશનમાં ભરેલ UDISE+ DCF Formની હાર્ડ કોપી શાળાના આચાર્યના સહી-સિક્કા સાથે મેળવી DCF Formમાં શાળાએ ભરેલ વિગતોની ખરાઈ સ્થળ પર જ કરવાની રહેશે.**

(૭). **બ્લોક કક્ષાએ બ્લોક એમ.આઈ.એસ./ડેટા એન્ટ્રી ઓપરેટરે તમામ સરકારી, આશ્રમ શાળા, મોડલ સ્કૂલ, મોડલ ડે સ્કૂલ, RMSA શાળા અને ગ્રાન્ટેડ (અનુદાનિત) શાળાના UDISE+ Formની ડેટા એન્ટ્રી UDISE+ ઓનલાઈન એપ્લીકેશનમાં કરવાની રહેશે.**

(૮). **બ્લોક કક્ષાએ બ્લોક એમ.આઈ.એસ./ડેટા એન્ટ્રી ઓપરેટરે ખાનગી શાળા (બિન અનુદાનિત), કેન્દ્રીય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય, રેલ્વે શાળા, સૈનિક શાળા તેમજ અન્ય કેન્દ્ર સરકાર સંચાલિત શાળાએ ભરેલ UDISE+ Formની વિગતોની શાળાકક્ષાએથી UDISE+ ઓનલાઈન એપ્લીકેશનમાં કરેલ એન્ટ્રીની વિગતોની સાથે ચકાસણી કરી ખરાઈ કરવાની રહેશે. જો કોઈ શાળા ઓનલાઈન એન્ટ્રી ન કરેતો તે શાળાના UDISE+ Formની હાર્ડ કોપી મેળવી તેની એન્ટ્રી કરવાની રહેશે.**

(૯). સી.આર.સી. કો.ઓર્ડિનેટરએ ૧૦૦% શાળાઓના ભરાયેલ UDISE+ DCF ફોર્મની ચકાસણી કરવાની રહેશે.

(૧૦). બી.આર.સી. કો.ઓર્ડિનેટરએ ૧૫% શાળાઓના ભરાયેલ UDISE+ DCF ફોર્મની ચકાસણી કરવાની રહેશે.

(૧૧). જિલ્લાકક્ષા તેમજ બ્લોક કક્ષાએ UDISE+ ઓનલાઈન એપ્લીકેશનમાંથી પ્રમાણ પત્ર ડાઉનલોડ કરી સહી સિક્કા કરી ઓનલાઈન Upload કરવાનું રહેશે.

(૧૨). માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરની તમામ શાળાના UDISE+ ફોર્મ સમયસર મળી જાય તે માટે જિલ્લા શિક્ષાધિકારીશ્રી, AEI અને EI મળીને સદર કામગીરીમાં જોડાય તે રીતનું આયોજન કરવાનું રહેશે.

(૧૩). UDISE+ અંગેની તમામ મિટીંગ અને તાલીમ પ્રોગ્રામમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ સાથે મળી આયોજન કરવું તેમજ બન્ને અધિકારીશ્રીએ વાંરવાર આ અંગે થયેલ કામગીરીની સમીક્ષા કરવાની રહેશે.

(૧૪). જિલ્લા એમ.આઈ.એસ. કો.ઓ. અને બ્લોક એમ.આઈ.એસ. કો.ઓ. એ UDISE+ અંગેની રોજેરોજની કામગીરીની વિગત રાજ્ય કચેરીને આપવાની રહેશે.

(૧૫). વર્ષ ૨૦૨૦-૨૧ની UDISE+ ની કામગીરી માટે DCF ફોર્મની પ્રિન્ટ જિલ્લાકક્ષાએ UDISE+ ઓનલાઈન એપ્લીકેશન મારફતે જ પ્રિન્ટ કાઢવાની રહેશે તેમજ તે અંગેનો ખર્ચ જિલ્લાપંચાયતના માન્ય Rate Contract થી વધુ ન થાય તે અંગેની કાળજી રાખવાની રહેશે.

(૧૬). UDISE+ ને લગતી તમામ કામગીરી જેમકે પ્રિન્ટ, તાલીમ વગેરેનો ખર્ચ ચાલુ વર્ષના બજેટમાં મેનેજમેન્ટ હેડ હેઠળ ઉધારવાનો રહેશે.

સમગ્ર શિક્ષાના તમામ સ્ટાફે સદર કામગીરી (સામેલ SCHEDULE) મુજબ સમય મર્યાદામાં પૂર્ણ કરવી તેમજ સદર બાબતમાં જે તે કક્ષાએ પોતાની જવાબદારી નિભાવવામાં નિષ્કાળજી દાખવનાર સામે જરૂર જણાયે આપશ્રીએ યોગ્ય શિક્ષાત્મક પગલા લેવાના રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને શાસનાધિકારીશ્રીએ UDISE+ ની માહિતીની અગત્યતા સમજી દર અઠવાડિયે આ કામગીરીની પ્રગતિ અંગેની રિવ્યુ બેઠક યોજી કામગીરીની સમીક્ષા કરવી. સમગ્ર જિલ્લાની UDISE+ની માહિતી ૩૦ જૂન,૨૦૨૧ સુધીમાં ઓનલાઈન કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

**બિડાણ**:- UDISE+ 2020-21 Step by Step implementation Schedule

(પી. ભારતી)

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

- માન. સચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં. ૫, ૭મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક-૧૨/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

# UDISE+ 2020-21 Step by Step implementation Schedule

| Sr. No. | Activity | Date of Completion |
|---|---|---|
| ૧. | જિલ્લા એમ.આઈ.એસ.કો.ઓ. દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં કાર્યરત શાળાઓની યાદી બનાવી UDISE+ ઓનલાઈન એપ્લીકેશનમાં યાદી મુજબ શાળાઓની વિગત જેવી કે, શાળાનું સંચાલન, શાળાની કેટેગરી તેમજ શાળાની સ્થિતિ (Operational, Close, Merge and Sanctioned but Not Operational) વગેરેની ખરાઈ કરી સુનિશ્ચિત કરવું. | ૦૧/૦૬/૨૦૨૧ |
| ૨. | બ્લોકકક્ષાએથી ખાનગી શાળા (બિન અનુદાનિત), કેન્દ્રીય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલય, રેલ્વે શાળા, સૈનિક શાળા તેમજ અન્ય કેન્દ્ર સરકાર સંચાલિત શાળાઓના USER ID CREATE કરવા. | 03/0૬/૨૦૨૧ |
| 3. | જિલ્લાકક્ષાએથી તમામ સરકારી, આશ્રમ શાળા, મોડલ સ્કૂલ, મોડલ ડે સ્કૂલ, RMSA શાળા અને ગ્રાન્ટેડ (અનુદાનિત) શાળાઓના Pre Filled UDISE DCFની ઓનલાઈન એપ્લીકેશનમાંથી પ્રિન્ટ આઉટ કાઢવાની રહેશે. | ૦૭/૦૬/૨૦૨૧ |
| ૪. | બ્લોકકક્ષાએથી તમામ સરકારી, આશ્રમ શાળા, મોડલ સ્કૂલ, મોડલ ડે સ્કૂલ, RMSA શાળા અને ગ્રાન્ટેડ (અનુદાનિત) શાળાઓની Pre Filled UDISE DCF પ્રિન્ટ આઉટ ની બ્લોકવાર/સી.આર.સી. વાર અલગ પાડવા. | |
| ૫. | બ્લોકકક્ષાએથી સી.આર.સી.કો.ઓ.ને UDISE+ ઓનલાઈન એપ્લીકેશનની સમજ, સી.આર.સી.કો.ઓ.ને Pre Filled UDISE DCF પ્રિન્ટ આઉટની હાર્ડ કોપી આપવી | |
| ૬. | સી.આર.સી. કો.ઓ.એ Pre Filled UDISE DCF પ્રિન્ટ આઉટની હાર્ડ કોપી શાળાકક્ષાએ પહોંચાડવી. | ૦૮/૦૬/૨૦૨૧ |
| ૭. | સી.આર.સી. કો.ઓ.એ Pre Filled UDISE DCF પ્રિન્ટ આઉટની હાર્ડ કોપી શાળાકક્ષાએથી પરત મેળવવી. | ૧૨/૦૬/૨૦૨૧ |
| ૮. | બ્લોકકક્ષાએથી તમામ સરકારી, આશ્રમ શાળા, મોડલ સ્કૂલ, મોડલ ડે સ્કૂલ, RMSA શાળા અને ગ્રાન્ટેડ (અનુદાનિત) શાળાઓના UDISE+ DCFની ઓનલાઈન એન્ટ્રી પૂર્ણ કરવાની રહેશે. | ૨૫/૦૬/૨૦૨૧ |
| ૯. | બ્લોકકક્ષાએથી તમામ શાળાઓના ઓનલાઈન દાખલ કરેલ ડેટાની ચકાસણી, શાળાકક્ષા તથા બ્લોકકક્ષાએથી સહી સિક્કા સાથેનું પ્રમાણ પત્ર એપ્લીકેશનમાં **UPLOAD** કરવા, બ્લોકકક્ષાએથી ડેટા **Freeze** કરી જિલ્લા કક્ષાએ **Submit** કરવો. | ૨૯/૦૬/૨૦૨૧ |
| ૧૦. | જિલ્લાકક્ષાએથી બ્લોક કક્ષાએથી કરેલ ઓનલાઈન ડેટાની ચકાસણી, જિલ્લાકક્ષાએથી સહી સિક્કા સાથેનું પ્રમાણ પત્ર એપ્લીકેશનમાં **UPLOAD** કરવા, જિલ્લાકક્ષાએથી ડેટા **Freeze** કરી રાજ્યકક્ષાએ **Submit** કરવો. | 30/0૬/૨૦૨૧ |

ક્રમાંક:મા-૧/પરિપત્ર/૨૦૨૧/8954
જિલ્લા શિક્ષણધિકારીની કચેરી
સુરત, જિ.સુરત.
તા.7/૦૭/૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.-સુરત

પ્રતિ,
આચાર્યશ્રી, પ્રાથમિક અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,
જિલ્લો-સુરત.